DOWNLOADED FROM : https://cbseportal.com/

**Class: X**

Gujarati

Sample Question Paper -2022-23

**Code No. 010**

| નોટ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ)<br>➢ પ્રશ્ન 1,2,3 ના દરેક ઉત્તર માટે 1-1 અંક નિર્ધારિત છે.<br>➢ કુલ ગુણ -૪૦ | ➢ This Question paper is divided in two parts.<br>➢ **Part A** - Objective type questions. (MCQ).<br>➢ Q.1, Q.2, Q.3 are of 1 mark each.<br>➢ Total Marks - 40 |
| ➢ વિભાગ બ – વર્ણનાત્મક પ્રશ્નો.<br>➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગના પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ લેખન કાર્યમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ આપવામાં આવ્યું ન હોય તો જવાબમાં પત્ર લખતી વખતે વિદ્યાર્થીએ પોતાનું નામ સરનામું કે પોતાની અને કોઇપણ શહેરની આગવી ઓળખ આપવી નહિ. જો પ્રશ્ન પત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખનમાં કરવો.<br>➢ કુલ ગુણ-૪૦ | ➢ **Part B** - Subjective, Descriptive questions.<br>➢ As per the instructions given, the questions and answers of this section have to be written.<br>➢ Do not mention your identity or the place you reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the question, you will have to use the same in your answer.<br>➢ Total Marks = 40 |
| ➢ પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો. | ➢ Please write down the serial number of the question before attempting it. |
| | |

# ગુજરાતી
## ધોરણ-X (010)

સમય – 3 કલાક　　　　Time: 3 hrs.

કુલ ગુણ -80

M.M.- 80

## PART A (40)

### (Advanced Reading Skill)

**પ્રશ્ન-1 (A) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (5)**

મનુષ્યનું જીવન તેના વિચારોથી ઘડાય છે. તેના વલણો અને ભાવનાઓથી પણ સર્જાય છે. મનુષ્યે સ્વપ્નો જોવાના છે અને તેને સાકાર કરવા યત્નશીલ બનવાનું છે. ઉન્નત જીવન જીવવાનો ખ્યાલ દરેકે વિકસાવવો રહ્યો.





DOWNLOADED FROM : https://cbseportal.com/

પણ જો માણસ નિષ્ફળ જવાના ડરને કારણે કે પોતાની ભીરુતાના કારણે સામાન્ય પ્રકારનાં કાર્યોમાં જ જીવનને વેડફી નાખે તો તે કદાપિ પ્રગતિ ન કરી શકે. મળેલા ઉત્તમ અવસરો ક્ષુલ્લક બાબતોમાં વેડફાઇ જાય. ઈશ્વરે મનુષ્યને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે. તે માટે બુદ્ધિ અને બળ આપ્યાં છે. હવે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે માણસે પોતે વિચારવાનું છે. જો માણસ ઊંચા નિશાન તાકે તો પર્વતની ચોટી કે સમુદ્રનું તળિયું તેના હાથવેંતમાં છે. માટે જ કહ્યું છે કે ભલે નિષ્ફળ જવાય, પણ ધ્યેય તો ઊંચું જ રાખવું રહ્યું.

પ્રશ્નો:-(1) મનુષ્યનું જીવન શેનાથી ઘડાય છે ?

(A) સ્વપ્નોથી (B) વિચારોથી

(C) બાબતોથી (D) સફળતાથી

(2) માણસ ક્યારે પ્રગતિ ન કરી શકે ?

(A) પોતાનું બળ ઓછું હોય તો (B) પોતાનું કર્મ ખોટું હોય તો

(C) પોતાની મરજી ના હોય તો (D) પોતાની ભીરુતાના કારણે

(3) ઈશ્વરે શેની સ્વતંત્રતા આપી છે ?

(A) કર્મ કરવાની (B) નિરાશ થવાની

(C) સમુદ્રનું તળિયું ખૂંદવાની (D) જીવનને વેડફી નાખવાની

(4) ‘હાથવેંતમાં છે’ – એટલે શું ?

(A) હાથનો વેંત કરવો (B) એક પ્રકારની ખામી

(C) ખૂબ પાસે હોવું (D) ઉપયોગમાં ના હોવું

(5) ‘ક્ષુલ્લક’ – શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

(A) દલ્લક (B) નકામું

(C) ચકામું (D) વહેવું

**પ્રશ્ન-1 (B) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (6)**

માણસને ખુશમિજાજમાં રહેવું કે ચીડિયા થઈ જવું એ પોતાના હાથમાં છે. આપણે ધીરજ અને સંતોષનો જ અભ્યાસ રાખીએ કે તેથી ઊલટું ગરબડ કરવાનો અને અસંતોષનો જ અભ્યાસ પાડીએ, નાનાં નાનાં દુ:ખોને આપણે મોટુંરૂપ આપતા થઈ જઈએ ને મોટી આશિષરૂપ હોય તે બાબતનો હિસાબ પણ ન ગણીએ, તો તે મહાદુ:ખરૂપ થઈ પડે; એ તો પોતાના જ મન પર છે. વસ્તુમાત્રમાં સારું અને નરસું બંનેનું મિશ્રણ જ હોય છે. કોઈ એવી વસ્તુ નથી કે જે એકાંતશુદ્ધ હોય કે એકાંતદુષ્ટ હોય; છતાં જેવું જેનું મન તેવી તેની પરીક્ષા. દુ:ખ ઉપજાવનારા પામર અસંખ્ય દેખાય છે. આત્મસંયમથી જ એવી ઉદારતા પ્રાપ્ત થાય છે, જેમાં સર્વદા આનંદ ગ્રહણ કરવાની ટેવ પડે. આ વિશ્વ, જેના કર્તા આપણે નથી; અને જેને આપણે જેમ તેમ અનુકૂળ કરી લેવાનું છે તેમાં જ સુખી થઈ શકાય.



Download FREE CBSE E-BOOKS FREE! CLICK HERE

DOWNLOADED FROM : https://cbseportal.com/

પ્રશ્નો:- (1) માણસના પોતાના હાથમાં શું છે ?

(A) ખુશમિજાજમાં રહેવું કે ચીડિયા થઇ જવું
(B) નાનાં દુ:ખોને નાનુંરૂપ આપવું
(C) નરસું મિશ્રણ કરવું
(D) પોતાના હાથનું ધ્યાન રાખવું

(2) કઇ વસ્તુ મહાદુ:ખરૂપ થઇ પડે ?

(A) સંતોષનો અભ્યાસ રાખીએ તો
(B) અસંતોષનો જ અભ્યાસ રાખીએ તો
(C) વસ્તુનો જ અભ્યાસ રાખતાં
(D) આનંદનો જ અભ્યાસ રાખતાં

(3) વસ્તુમાત્ર શેનું મિશ્રણ હોય છે ?

(A) ઉદારતાનું
(B) એક પ્રકારની ખામીનું
(C) સારા અને નરસાનું
(D) ઝઘડાનું

(4) જેવું જેનું મન -

(A) તેવી તેની સ્થિતિ
(B) તેવી તેની મતિ
(C) તેવી તેની રીક્ષા
(D) તેવી તેની પરીક્ષા

(5) આનંદ ગ્રહણ કરવાની ટેવ ક્યારે પડે ?

(A) આત્મસંયમથી જ
(B) ઈચ્છા સંતોષવાથી
(C) મન સંતોષવાથી
(D) અભિમાન સંતોષવાથી

(6) ફકરાને યોગ્ય શીર્ષક પસંદ કરો.

(A) જીવનતાલીમ
(B) દુ;ખતાલીમ
(C) જીવનજાલિમ
(D) દુ;ખજાલીમ

**પ્રશ્ન-1 (C) નીચેની કવિતા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.** (5)

જ્યારે થઇ જાય સર્વ ખાક,
રહેના કોઇ પણ આશ;
ત્યારે થઈશ ના તું નિરાશ,
અરે જીંદગી તો છે એક જંગ,
લડી લે લઈને ઈશને સંગ;
મધદરિયે હોય ના કોઈનો સંગ,
જતા દેખાય દૂર કિનારાના તરંગ,
થવા દઈશના તારી હિંમત ખુદા છે સંગ,
ઊડવા દે ઊંચે કિસ્મતનો પતંગ,
ઊડશે ઊંચે, છે પવન એની સંગ;
સુખદુ:ખ એ જ છે જીવનનો ક્રમ,



Download FREE CBSE E-BOOKS FREE! CLICK HERE

DOWNLOADED FROM : https://cbseportal.com/

ખાકમાંથી પણ લઈને આશ;
ફિનિક્સ બેઠું થાતું આજ,
છે એ જ જીવનની સાચી સમજ,
બનીને તું પણ ફિનિક્સ;
ભર ઉંડાણ, કરી લે વ્યોમને સર,
જગ કરે છે તને લાખો સલામ !!!
સલામ કચ્છ ! સલામ જાપાન !!
સલામ યુવરાજ !!!

પ્રશ્નો - (1) કવિ ફિનિક્સ બનવાનું કોને કહે છે ?

(A) આપણને (B) નેતાને

(C) સરકારને (D) ઈશ્વરને

(2) જંગ એટલે શું ?

(A) ગુસ્સો (B) યુધ્ધ

(C) તંગ (D) નંગ

(3)'ઊડવા દે ઊંચે કિસ્મતનો પતંગ' એટલે શું ?

(A) અધોગતિ કરવી (B) કિસ્મત કોસવી

(C) પ્રગતિ કરવી (D) ઢીલ મૂકવી

(4) છેલ્લી પંક્તિમાં કવિ કોને-કોને સલામ કરે છે ? શા માટે ?

(A) કચ્છ, નેપાળ, યુવરાજસિંઘ (B) કચ્છ, જાપાન, સચિન

(C) કચ્છ, શ્રીલંકા, યુવરાજસિંઘ (D) કચ્છ, જાપાન, યુવરાજસિંઘ

(5) કવિતાને યોગ્ય શીર્ષક આપો.

(A) જીવન એટલે જંગ (B) દુ:ખ એટલે જંગ

(C) જીવન મહાન (D) દુ:ખ મહાન

## Literature

**પ્રશ્ન-2. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.** **(8)**

(1) 'તે બેસે અહીં' કાવ્ય કવિના ક્યા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે?

(A) પીડા પર્યંત (B) યદા તદા ગઝલ

(C) ગઝલ સંહિતા (D) ગઝલનું નામ

(2) બીજા મુક્તકમાં 'હવે તું મુક્ત છે.' એવું કોણે કહ્યું છે?

(A) માણસે (B) રાજાએ

(C) શિકારીએ (D) કવિએ



Download FREE CBSE E-BOOKS FREE! CLICK HERE

DOWNLOADED FROM : https://cbseportal.com/

(3) મોરલીનો નાદ ક્યાં ગાજે છે?

(A) પાતાળમાં (B) ગગનમાં

(C) ધરતી પર (D) ચારે દિશાઓમાં

(4) 'વૈશંપાયન' કોનું ઉપનામ છે?

(A) કરસનદાસ પંડ્યા (B) કરસનદાસ મહેતા

(C) કૃષ્ણદાસ માણેક (D) કરસનદાસ માણેક

(5) વાનરસેનામાં કયા નારા સંભળાય છે?

(A) દીપકની જય (B) ભારતમાતાની જય

(C) આઝાદીની જય (D) ગાંધીજીની જય

(6) જેઠીમાએ અરજી પર કોની સહીઓ લીધી?

(A) વકીલોની (B) હિંદુ ગૃહસ્થોની

(C) કામદારોની (D) સ્ત્રીઓની

(7) 'ટિફિન' પાઠનો સાહિત્યપ્રકાર જણાવો.

(A) લઘુનવલ (B) લઘુકાવ્ય

(C) લઘુકથા (D) લઘુનવલકથા

(8) નીચેનામાંથી કઈ ઘટનાનો ઉલ્લેખ 'પ્રયાણ' પાઠમાં છે?

(A) ભીમસેને કીચકનું મર્દન કર્યું. (B) શ્રીકૃષ્ણે કંસનો વધ કર્યો.

(C) શ્રીરામે રાવણનો પરાજય કર્ય. (D) આપેલ તમામ

**(Applied Grammar)**

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોનાં યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.**

**(A) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈપણ ચાર)** **(4)**

(1) 'આંજી નાખવું' - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) છક કરી નાખવું (B) પ્રભાવિત કરવું

(C) પ્રકાશિત કરવું (D) આપેલા A) અને B)

(2) ઈચ્છા હોય તો બધું થાય - આ અર્થનો રૂઢિપ્રયોગ લખો.

(A) હાજર સો હથિયાર (B) ભાવતું હતું ને તે વૈદે કીધું

(C) મન હોય તો માળવે જવાય (D) વાવે તેવું લણે

(3) કાળજાને કોરી ખાવું - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) યોજના બગડવી (B) દુઃખની અનુભૂતિ થવી

(C) ભેસ આગળ ભાગવત (D) આપેલા A) અને B)



Download FREE CBSE E-BOOKS FREE! CLICK HERE

DOWNLOADED FROM : https://cbseportal.com/

(4) મરણ પામવું – આ અર્થનો રૂઢિપ્રયોગ લખો.

(A) ધમણ ઉપડવી (B) દીપક હોલવાઈ જવો.

(C) સોડ તાણવી (D) આપેલા (B) અને (C)

(5) સૂર્ય તપવો - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) ભય જતાં સ્થિરતા અનુભવવી (B) પ્રગતિના શિખર પર હોવું

(C) રસ્તો કાઢવો (C) આપેલા બધા જ

**(B) નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર)** **(4)**

(1) જ્યાં આજુ બાજુ વૃક્ષો વાવેલાં હોય તેવી ગલી.

(A) પોળ (B) કુંજગલી

(C) રસ્તો (D) આપેલા બધા જ

(2) કહી ન શકાય તેવું

(A) જાણકાર (B) જિજ્ઞાસા

(C) અકથ્ય (D) રૂઢી

(3) જાણેલું / જાણમાં આવેલું

(A) વિદિત (B) સ્પંદન

(C) જરકસી (D) વાંઝણી

(4) હૃદયના ધબકારા થવા તે ...

(A) કુંડળ (B) સ્પંદન

(C) વમળ (D) અડગ

(5) ઘૂમરી લઈ ભારે વાતો પવન

(A) વંટોળ (B) વરસાદ

(C) ઝરમર (D) ઘડી

**(C) નીચેનામાંથી પ્રશ્નોના જવાબ લખો. (કોઈપણ ચાર)** **(4)**

(1) 'ઝરણું'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) સરવાણી (B) નિર્ઝર

(C) આપેલા (A) અને (B) (D) તટસ્થ

(2) 'ઉષ્મા'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) ઠંડક (B) હૂંફ

(C) આપેલા (A) અને (C) (D) કોઠી

(3) નીચેનાંમાંથી કયું જોડકું સમાનાર્થી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(A) કીર્તિ = નામના (B) કીર્તિ = અપકીર્તિ



Download FREE CBSE E-BOOKS FREE! CLICK HERE

DOWNLOADED FROM : https://cbseportal.com/

(C) કીર્તિ = અધોગતિ (D) પ્રગતિ = ઉધોગતિ

(4) નીચેનાંમાંથી કયું જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(A) ગરમ × ઉષ્ણ (B) શીતળ × ઉષ્ણ

(C) ઠંડુ - શીતળ (D) આપેલા બધા જ

(5) નીચેનાંમાંથી કયું જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(A) નિર્બળ × સંવૃત (B) સબળ × નિર્બળ

(C) કોરે × તરફ (C) તરફ – અંદર

**(D) સૂચના મૂજબ જવાબ આપો. (<u>કોઈપણ ચાર</u>)** **(4)**

(1) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?

(A) મારે તેજ પેન જોઈએ છે. (B) હું આજ વાત કહેવાનો હતો.

(C) હુ આ જ વાત કહેવાનો હતો. (D) મારેજ તેજ પેન જોઈએ છે.

(2) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?

(A) શાળા માંથી બાળકો ઘરે આવ્યા. (B) જણાવવાનુંકે, અમારી સોસાયટીમાં ઉત્સવ છે.

(C) કારણ કે તમે કાલે આવવાના હતા. (D) વધારે ચા પીવી એ સારું નથી.

(3) અનુગ ઓળખો: 'રમણને બોલાવી લાવ.'

(A) રમણ (B) ને

(C) લાવ (D) બોલાવી

(4) અનુગ ઓળખો: રમાથી આગળ અભ્યાસ ન થયો.

(A) ન (B) થી

(C) આગળ (D) અભ્યાસ

(5) નામયોગી ઓળખો: પગની પાની પર પથરાની માફક વરસાદનાં ફોરાં વાગતાં હતાં.

(A) વાગતાં (B) પથરાની

(C) માફક (D) પગની

## PART B **(40)**

## Literature

**પ્રશ્ન-4 નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે બે)** **(2)**

સોફા અને લેમ્પને નવું સ્થાન આપ્યું
બારીના પડદા બદલી કાઢ્યા
જૂના ગાલીચાની જગ્યાએ
Wall to wall કારપેટ નખાવી દિધી.
સુશોભને પ્રસન્ન થાય છે દીવાનખાનું



Download FREE CBSE E-BOOKS FREE! CLICK HERE

DOWNLOADED FROM : https://cbseportal.com/

સઘળું બરાબર થાય છે ત્યારે જ

છટકે છે મારું મન –

આ બધાંમાં મને ક્યાં ગોઠવું ?

(1) નાયિકાએ Wall to wall શું કરાવી દીધું?

(2) નાયિકાએ કોને નવું સ્થાન આપ્યું?

(3) દીવાનખાનું સુશોભિત થયા પછી નાયિકા પોતાના મનને ક્યો પ્રશ્ન પૂછે છે?

**પ્રશ્ન-5 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ચાર) (8)**

(1) બીજા મુક્તકમાં મુક્ત થયેલું પંખી પિંજરામાં પાછું કેમ ભરાઈ જાય છે?

(2) 'મોરલી' કાવ્યને આધારે શ્રીકૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

(3) 'હાથ મેળવીએ' કાવ્યના આધારે માનવીના હાથ ક્યા ક્યા કામો કરે છે?

(4) 'જીવન અંજલિ થાજો!' કાવ્યના કવિ ક્યાં ચાલવાનું કહે છે?

(5) 'તે બેસે અહીં'' કાવ્યમાં બીજાના દુ:ખે દુ:ખી થવાની સંવેદનાને કવિ શું કહીને સમજાવે છે?

**પ્રશ્ન-6 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. ((ગમે તે ત્રણ) (3)**

મને તો એમ કે બિલ્લીનાં બચ્ચાં પહેલાં તો સંતાઈ જશે, દોસ્તી બાંધતા દિવસો જશે. આવો જૂનો અનુભવ. આ તો ભાગ્યા નહિ એટલે જરા આત્મવિશ્વાસ્થી મેં એમને પુચકાર્યાં. એમની ભોળી, ફૂટડી આંખોમાં નર્યું વિસ્મય છલકાયું. ભાગવું કે ઊભા રહેવું એ નક્કી ન થતાં એ વચ્ચેની સ્થિતિમાં દેખાયાં. હું હળવેથી નીચે બેસી પડી. ત્રણમાંનું સહુથી મોટું મારી નજીક આવ્યું. ત્રાંસુંત્રાંસું ચાલતું, એનો કોઈ પેંતરો હોય એ ઢબે. મેં જરાક હાથ લંબાવ્યો, શ્વાસ રોકીને, પછી એને ગાલે, દાઢીએ, ગરદન પર, મારી આંગળીઓ ફેરવી. મોટે ભાગે બિલાડીઓ આ ભાષા જાણે જ. એ તરત રાજીરાજી થઈ વહાલભરી ઘુરઘુરાટી બોલાવતું સાવ પાસે આવી ગયું. (આ Purring માટે આપણી પાસે કોઈ સરસ શબ્દ કેમ નહિ હોય?) ખોળામાં બેઠું તેવું જ એ તો ગેલ કરવા લાગ્યું. એને આમ મઝા કરતું જોઈ પેલાં બે પણ પાસે ખેંચાઈ આવ્યાં અને આમ એ સિયામીઝ માર્જાર-ત્રિપુટી સાથેની મારી સરસ મઝાની દોસ્તીનો રોમહર્ષક આરંભ થયો.

(1) લેખિકાએ બિલ્લીનાં બચ્ચાં પ્રત્યે કેવું અનુમાન કર્યું?

(2) ત્રણમાંનું મોટું બચ્ચું લેખિકા પાસે કેવી રીતે આવ્યું?

(3) લેખિકાએ બચ્ચાંને ક્યાં ક્યાં હાથ ફેરવ્યો?

(4) લેખિકાએ કોની સાથે મિત્રતા કેળવી?

**પ્રશ્ન-7 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે ત્રણ) (9)**

(1) ભૂલ કરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી હતી?

(2) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં આવતાં માનવસ્વભાવ અને સૌંદર્ય માણવાને બદલે ખાણીપીણીમાં વિશેષ રસ લેતાં પ્રવાસીઓ વિશે નોંધ લખો.



Download FREE CBSE E-BOOKS FREE! CLICK HERE

DOWNLOADED FROM : https://cbseportal.com/

(3) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.

(4) 'જેઠીબાઇ'નું પાત્રાલેખન કરો.

(5) સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળના દીવાનખાનાનું વર્ણન કરો.

## (Effective writing Skill)

**પ્રશ્ન-8 નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો. (7)**

**1) જીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થનું મહત્ત્વ :/'આપણા ઘડવૈયા બાંધવ આપણે'**
મુદ્દા:- પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચેનો સંઘર્ષ- પ્રારબ્ધવાદીઓની માન્યતા – પુરુષાર્થ વાદીઓની વિચારસરણી -બંને મતોની તુલના – ઉપસંહાર.

**2) જો માનવી પોતાનું ભવિષ્ય જાણતો હોય તો !?**
મુદ્દા:- પ્રસ્તાવના – ભાવિજ્ઞાન-આશીર્વાદરૂપ ! -ભાવિજ્ઞાન – શાપરૂપ ! – ભાવિનું અજ્ઞાન એમાં જ કલ્યાણ -ઉપસંહાર.

**3) વ્યસનોમાં ફસાતો આજનો યુવાન.**
મુદ્દા:- પ્રસ્તાવના – વ્યસન- એક દૂષણ- વ્યસનના પ્રકાર – ભૌતિક વસ્તુઓનું વ્યસન પણ હોવું -બધા જ પ્રકારના વ્યસનોથી થતા નુકસાન – ઉપાય -ઉપસંહાર.

**પ્રશ્ન-9 નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો. (6)**

**મુદ્દા-** એક પ્રવાસી – મોડી રાતે ધર્મશાળાનું બારણું ખખડાવવું-અંદરથી રખેવાળનો જવાબ "ચાવી ખોવાઈ ગઈ છે.તમારી પાસે ચાંદીની ચાવી હોય તો દરવાજો ઊઘડે "- પ્રવાસીએ તડમાંથી ચાંદીનો રૂપિયો સરકાવવો- દરવાજો ઊઘડવો- પ્રવાસીની ચતુરાઈ- રખેવાળને સામાન લેવા બહાર મોકલવો-દરવાજો બંધ કરી દેવો- રખેવાળે દરવાજો ખખડાવવો- પ્રવાસીનો જવાબ : "ચાવી તમારી પાસે છે. તે આપો તો દરવાજો ઊઘડે – રખેવાળનું સમજી જવું – દરવજો ઊઘડાવો – બોધ.

**પ્રશ્ન-10 નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન અથવા તો જાહેરાત લેખન કરો. (5)**

(1) 'તમારી શાળા તરફથી હોશિયાર વિદ્યાર્થીને સ્કોલરશીપ અપાય છે. તે માટે તમે તમારી શાળાના આચાર્યને સંબોધીને અરજી લેખન લખો.

(2) તમારા શહેરમાં યોજાયેલ "મિલકત મેળો" પ્રોજેક્ટ વિશે સચિત્ર જાહેરાત લેખન લખો.

*******************************************



Download FREE CBSE E-BOOKS
FREE!
CLICK HERE